| सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૨૯-૦૧-૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | રજીસ્ટરે લીધા તારીખ | : | ૨૯-૦૧-૨૦૨૬ | | |
| | ફેસલ તારીખ | : | ૦૭-૦૩-૨૦૨૬ | | |
| | અવધિ | : | ૦૦ | ૦૧ | ૦૯ |

# ચાણસ્માના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સા.શ્રીની કોર્ટ, ચાણસ્મા

| | |
|---|---|
| ક્રિમી. પરચુ. અરજ નં. | ૯/૨૦૨૬ |
| આંકઃ- | ૨૦ |

| | | |
|---|---|---|
| અરજદારઃ- | ૧. | પરમાર જશવંતસિંહ નારણજી ઉં.વ. આં. ૫૧<br>રહે. જીતોડા, તા. ચાણસ્મા, જી. પાટણ |

**// વિરૂદ્ધ //**

| | | |
|---|---|---|
| સામાવાળાઃ- | ૧. | આચાર્યશ્રી, શિવ વિધાલય જીતોડા, મુ.જીતોડા, તા. ચાણસ્મા, જી.પાટણ. |

| | | |
|---|---|---|
| **બાબતઃ-** | - | **ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન ૧૯૭૪ રેગ્યુલેશન એક્ટની કલમ-૧૨(એ) ક્લોઝ ૬ મુજબ અરજ.** |

| | |
|---|---|
| અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી | **જી.એન.વાઘેલા** |
| સામાવાળા તરફે વિદ્વાન વકીલ શ્રી | - |

## – // જ જ મે ન્ટ // --

(૧).. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર જીતોડા, તા. ચાણસ્માના વતની છે અને ખેતી કરી પરીવારનું ગુજરાન કરે છે. અરજદારના લગ્નજીવનથી ૫ બાળકોનો જન્મ થયેલો. જે પૈકી અરજદારના પુત્રનો જન્મ તા.૨૬/૦૯/૨૦૦૭ ના રોજ કે.બી. જનરલ હોસ્પિટલ, ચાણસ્મા મુકામે થયેલો. જે જન્મની નોંધ ચાણસ્મા નગરપાલીકાના રજીસ્ટરે નોંધણી ક્રમાંક-૫૫૩ થી નોંધાયેલ છે. અરજદારના પુત્ર એ શિવ વિધાલય જીતોડા, તા. ચાણસ્મા માં અભ્યાસ કરેલ છે. તે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં વિધાર્થી જનરલ રજીસ્ટર નંબર ૩૬૧ વાળુ આપવામાં આવેલ. જેમાં જન્મ તારીખ

"૨૬/૦૮/૨૦૦૭" તથા જન્મ સ્થળના કોલમમાં “જીતોડા, તા.ચાણસ્મા, જી.પાટણ” લખાયેલ છે. ખરેખર અરજદારના પુત્રની સાચી જન્મ તારીખ "૨૬/૦૯/૨૦૦૭" તથા સાચુ જન્મ સ્થળ “ચાણસ્મા” છે. અરજદારના પુત્રને સરકારી કાર્યવાહીમાં તમામ ડોકયુમેન્ટમાં જન્મ તારીખ, જન્મ સ્થળ એક સમાન હોવુ જરુરી હોઈ હાલની અરજ કરેલ છે.

(૨).. આ કામના અરજદારના પુત્રના જન્મ પ્રમાણપત્ર, ચુંટણીકાર્ડની નકલ, આધારકાર્ડની નકલ વિગેરેમાં અરજદારના પુત્રની સાચી જન્મ તારીખ "૨૬/૦૯/૨૦૦૭" તથા જન્મ સ્થળ “ચાણસ્મા” હોવાનું જણાઇ આવે છે. જે દસ્તાવેજો અરજદારે તેમના દસ્તાવેજી પુરાવા તરીકે રજુ રાખેલ છે.

(૩.૧) અરજદારે તેની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

| **-// અરજદાર તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો //-** | | |
|---|---|---|
| અ.નં. | વિગત | આંક |
| ૧ | અરજદાર તરફે સાહેદ પરમાર હિંમતસિંહ નારણજીનું સરતપાસનું સોગંદનામું | ૫ |
| ૨ | અરજદાર તરફે સાહેદ પરમાર પ્રકાશબા જશવંતસંગ નું સરતપાસનું સોગંદનામું | ૬ |
| ૩ | અરજદારનું સરતપાસનું સોગંદનામું | ૯ |
| ૪ | અરજદારના પુત્રના જન્મના પ્રમાણપત્રની નકલ | ૧૨ |
| ૫ | અરજદારના પુત્રની ચુંટણીકાર્ડની નકલ | ૧૩ |
| ૬ | અરજદારના પુત્રના આધારકાર્ડની નકલ | ૧૪ |
| ૭ | રેશનકાર્ડની નકલ | ૧૫ |
| ૮ | અરજદારના આધારકાર્ડની નકલ | ૧૬ |
| ૯ | જાહેર નોટીસ | ૧૭ |
| ૧૦ | જાહેર નોટીસ બિલ | ૧૮ |

(૩.૨) સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

| **-// સામાવાળા તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો //-** | | |
|---|---|---|
| અ.નં. | વિગત | આંક |
| ૧ | સામાવાળા તરફે સાહેદ પટેલ પ્રકાશકુમાર નરોત્તમભાઈ, આચાર્ય, શિવ વિધાલય જીતોડા, તા. ચાણસ્મા, જી. પાટણનાઓનું સરતપાસનું સોગંદનામું. | ૭ |

| | | |
|---|---|---|
| ૨ | વિધાર્થી જનરલ રજીસ્ટરના પ્રસ્તુત પાનાની નકલ | ૮ |
| ૩ | અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ | ૧૧ |

(૩.૩) ત્યારબાદ, આ કામે અરજદાર તરફે વધુ પુરાવો રજુ કરવો નથી તે અંગેની પુરશીશ આંક-૧૯ થી રજુ કરેલ છે.

(૪) હાલની અરજી લગત અરજદારે આંક-૯ થી પોતાના સરતપાસના સોગંદનામામાં અરજીની હકીકતોને સમર્થન કરેલ છે. જે અરજી લગત રજુ કરેલ દસ્તાવેજી પુરાવા સાથે સુસંગત થતું હોવાનું જણાઇ આવે છે. તેમજ આ કામે અરજદાર તરફે આંક-૫ થી પરમાર હિંમતસિંહ નારણજી તથા આંક-૬ થી સાહેદ પરમાર પ્રકાશબા જશવંતસંગ નાઓએ સોગંદનામા સ્વરૂપેની જુબાની રજુ કરેલ છે. જેમાં સદર સાહેદે અરજદારની અરજીને સમર્થનકારી પુરાવો આપેલ છે.

વધુમાં અરજદારે પોતાની અરજીના સમર્થનમાં આંક-૦૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી પોતાના પુત્રના જન્મ પ્રમાણપત્ર, ચુંટણીકાર્ડ, આધારકાર્ડ વિગેરેની નકલ અનુક્રમે આંક-૧૨ થી આંક-૧૪ થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા અરજદારના પુત્રના જન્મ તારીખના કોલમમાં "૨૬/૦૯/૨૦૦૭" તથા જન્મ સ્થળ “ચાણસ્મા” જણાઇ આવે છે.

(૫) આ કામના સામાવાળાને નોટીસ બજતાં સામાવાળા હાજર થઇ તેમની કોર્ટ રૂબરૂ સરતપાસનું સોગંદનામુ રજુ રાખેલ છે.

સામાવાળા તરફે સાહેદ પટેલ પ્રકાશકુમાર નરોત્તમભાઈ, આચાર્ય, શિવ વિધાલય જીતોડા, તા. ચાણસ્મા, જી. પાટણનાઓનું સરતપાસનું સોગંદનામું આંક-૭ તથા સ્કુલના જનરલ રજીસ્ટરનો ઉતારો આંક-૦૮ તથા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આંક-૧૧ થી રજુ રાખેલ છે. જે ધ્યાને લેતા એ હકીકત ફલીત થાય છે કે, સદર એલ.સી. માં અરજદારના પુત્રના જન્મતારીખના કોલમમાં "૨૬/૦૮/૨૦૦૭" તથા જન્મ સ્થળ “જીતોડા, તા.ચાણસ્મા, જી.પાટણ” લખાયેલ છે તેની જગ્યાએ સાચી જન્મ તારીખ "૨૬/૦૯/૨૦૦૭" તથા સાચુ જન્મ સ્થળ “ચાણસ્મા” છે, તે બાબતનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૬).. આ તબકકે અદાલત દ્વારા નામદાર સુપ્રિમકોર્ટના....**CIDCO v. Vasudha Gorakhnath Mandevlekar AIR 2009 Supp (SC) 2845** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પેરા ૨૦ માં **Birad Mal Singhvi v. Anand Purohit** [AIR 1988 SC 1796]. ના ચુકાદા પર આધાર રાખી નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

**"20.** The Deaths and Births register maintained by the statutory authorities raises a presumption of correctness. Such entries made in the statutory registers are admissible in evidence in terms of Section 35 of the Indian Evidence Act. It would prevail over an entry made in the school register, particularly, in absence of any proof that same was recorded at the instance of the guardian of the respondent. "

તેવી જે રીતે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા સ્પેશ્યલ એપ્લીકેશન નં. ૧૧૭૦/૨૦૧૮ માં ઠરાવેલ છે કે,

In view of the above discussion so also considering the decision of the division bench and the learned Single Judge of this court, **the date of birth** and the **place** of birth can be corrected by the concerned Magistrate of First Class upon proof of correct date of / place of birth upon an application made before him under section 13 of the registration of Birth & Death Act, 1969. In other words, for correcting the date of birth or place of birth or name, when the correction is sought to be made in school record, governed by the secondary Education Act, 1972, and the regulation framed there under, after once the students has left the school, no change can be made in the school record and for any change to be made after the student left the school, the same is to be corrected by the concerned Magistrate of First Class as is the case in the matter on hand.

તદ્ઉપરાંત ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૭૯ ની હાલના તબકકે ચર્ચા કરવી અત્રેની અદાલતને ન્યાયોચિત જણાય છે.

"S.79 Presumption as to genuineness of certified copies:

The Court shall presume 1[to be genuine] every document purporting to be a certificate, certified copy, or other document, which is by law declared to be admissible as evidence of any particular fact and which purports to be duly certified by any officer 2[of the Central Government or of a State Government, or by any officer 3[in the State of Jammu and Kashmir] who is duly authorized thereto by the Central Government]:

(૭).. ઉપરોકત તમામ રજૂઆત, નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૭૯ ધ્યાને લેતાં, જન્મ પ્રમાણપત્રમાં દર્શાવેલ હકીકત સાચી ન હોવાનું માનવાને કોઇ કારણ નથી.

આમ, ઉપરોકત તમામ હકીકતો, અરજદાર તરફેના સાહેદો તથા સામાવાળા ની કોર્ટ રૂબરૂની સરતપાસના સોગંદનામા અને તમામ દસ્તાવેજી પુરાવાઓને આધારે એ હકીકત ફલિત થાય છે કે, અરજદારના પુત્રની સાચી જન્મ તારીખ "૨૬/૦૯/૨૦૦૭" તથા સાચુ જન્મ સ્થળ “ચાણસ્મા” હોવાનું પુરવાર થાય છે. પરંતુ, તેમના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શરતચૂકથી તેમની જન્મ તારીખ "૨૬/૦૮/૨૦૦૭" તથા જન્મ સ્થળ “જીતોડા, તા.ચાણસ્મા, જી.પાટણ” લખેલ છે. સદર અરજીમાં અરજદારે માગ્યા મુજબનો સુધારો જોવામાં આવે તો અરજદારના પુત્રની એલ.સી. માં જન્મ તારીખના

કોલમમાં **"૨૬/૦૮/૨૦૦૭"** ની જગ્યાએ **"૨૬/૦૯/૨૦૦૭"** તથા જન્મ સ્થળ **"જીતોડા, તા.ચાણસ્મા, જી.પાટણ"** ની જગ્યાએ **"ચાણસ્મા"** નો સુધારો કરવા દાદ માંગી છે. તેમજ તે બાબતે અરજદારે પોતાના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જેમાં સાચુ નામ તથા જન્મ સ્થળ દર્શાવેલ છે. જેથી રજુ કરેલા દસ્તાવેજો તથા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર એકબીજાના પુરક પુરાવા હોવાથી અરજદારની અરજી મંજુર કરી પ્રમાણપત્રમાં માગ્યા મુજબનો સુધારો કરવો ન્યાયોચિત જણાતો હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**◄ હુ ક મ ►**

- અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
- આથી સામાવાળા આચાર્યશ્રી, શિવ વિધાલય જીતોડા, મુ.જીતોડા, તા. ચાણસ્મા, જી. પાટણ નાઓને એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારના પુત્રના શાળાના જનરલ રજીસ્ટર નંબર ૩૬૧ થી આપવામાં આવેલ શાળા છોડ્યાના પ્રમાણપત્રના જન્મ તારીખના કોલમમાં "૨૬/૦૮/૨૦૦૭" તથા જન્મ સ્થળ "જીતોડા, તા. ચાણસ્મા, જી.પાટણ" લખાયેલ છે. તેની જગ્યાએ જન્મ તારીખ "૨૬/૦૯/૨૦૦૭" તથા જન્મ સ્થળ "ચાણસ્મા" મુજબની વિગત સાચી અને ખરી હોઇ તે મુજબનો તેમના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં સુધારો કરી નવીન શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઇશ્યુ કરવું.
- સદર હુકમની યાદી સામાવાળાને કરવી.

હુકમ આજરોજ તારીખ **૦૭** મી, માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

DATE: 07-03-2026
PLACE: CHANASMA

[UMARKHAN GULHAMIDKHAN PATHAN]
PRINCIPAL CIVIL JUDGE,
CHANASMA-GJ-01574.